Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય–પરિચય.


૧ અધ્યાત્મભાવના પદ–વિનયકાંત કાંતિલાલ મહેતા ... ... ૭૫
૨ પરિવર્તન–નાગરદાસ મ૦ દોશી બી. એ. ... ... ... ૭૬
૩ છાત્રાલયમાંથી ( સંગૃહિત ) (સ૦ ક૦ વિ૦ ) ... ... ... ૭૯
૪ જીવનનાં મૂલ્ય–કસ્તુરચંદ હેમચંદ દેશાઇ ... ... ... ૮૨
૫ શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથાનું ભાષાંતર... 'મનોનંદન'... ... ૮૪
૬ શ્રી તીર્થંકરચરિત્ર મુનિરાજ શ્રી દર્શનવિજયજી... ... ... ૯૦
૭ વ્યક્તિત્વ પ્રાપ્ત કરવા માટે સંપૂર્ણ યોગ્યતાની જરૂર (અ૦) ગાંધી... ૯૪
૮ સાચી એષણા ( સંગૃહિત ) ફતેહચંદ ઝવેરભાઇ ... ... ... ૯૬
૯ જૈન–આચાર ... ... ... શુદ્ધ આચાર ઇચ્છક ... ... ૯૭
૧૦ સ્વીકાર અને સમાલોચના. ... ... ... ... ... ૯૮



તૈયાર છે. **જલદી મંગાવો.** તૈયાર છે.

### દેવસિરાઇ પ્રતિક્રમણસૂત્ર–શબ્દાર્થ–ભાવાર્થ–અન્વયાર્થ સહિત.

બાળઅભ્યાસીઓને પોતાના અભ્યાસમાં બહુ જ સરલ પડે તેવી રીતે આ બુક તૈયાર કરી છપાવેલ છે.

દેવસિરાઇ પ્રતિક્રમણ સૂત્રની બુકો આ પહેલાં કેટલીક પ્રગટ થયેલ છે, તેનાથી આ બુકમાં ઘણીજ વિશેષતા અને વધારો કરેલ છે, તે જોવાથી વાચક જાણી શકશે; તેટલું જ નહીં કે જેથી આ બુક પ્રમાણે દેવસિરાઇ પ્રતિક્રમણસૂત્રના અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ એજ્યુકેશન બોર્ડની પરીક્ષામાં બેસીને પણ તે ધોરણની પરીક્ષા ઉંચા નંબરે પસાર કરી શકશે. હિન્દના દરેક શહેર યા ગામની પાઠશાળામાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓને માટે સરલ અને ઉપયોગી કેમ બને તે લક્ષ્યમાં રાખીને આ બુકમાં અનેક વિષયો દાખલ કરી તૈયાર કરવામાં આવી છે. આ બુકની કિંમત માત્ર નામની જ દશ આના તથા ટપાલખર્ચ ત્રણ આના રાખવામાં આવેલ છે. તે સાહિત્યપ્રચાર અને બાળકો વિશેષ લાભ લઇ શકે તે હેતુને લઇને જ છે. મંગાવો—

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**


ભાવનગર—આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वन्दे वीरम् ॥

भावयेद्यथासङ्ख्यम् । मैत्रीं सर्वसत्त्वेषु । क्षमेऽहं सर्वसत्त्वानाम् । मैत्री मे सर्वसत्त्वेषु । वैरं मम न केनचिदिति ॥ प्रमोदं गुणाधिकेषु । प्रमोदो नाम विनयप्रयोगः । वन्दनस्तुतिवर्णवादवैयावृत्त्यकरणादिभिः सम्यक्त्वज्ञानचारित्रतपोऽधिकेषु साधुषु परात्मोभयकृतपूजाजनितः सर्वेन्द्रियादिभिर्व्यक्तो मनःप्रहर्ष इति ॥ कारुण्यं क्लिश्यमानेषु । कारुण्यमनुकंपा दीनानुग्रह इत्यनर्थान्तरम् ॥ तन्मोहाभिभूतेषु मतिश्रुतविभङ्गाज्ञानपरिगतेषु विषयतर्षाग्निना दन्दह्यमानमानसेषु हिताहितप्राप्तिपरिहारविपरीतप्रवृत्तिषु विविधदुःखार्दितेषु दीनकृपणानाथबालमोमुहवृद्धेषु सत्त्वेषु भावयेत् ॥ तथाहि भावयन् हितोपदेशादिभिस्ताननुगृह्णातीति ॥ माध्यस्थ्यमविनेयेषु । माध्यस्थ्यमौदासीन्यमुपेक्षेत्यनर्थान्तरम् ॥

तत्त्वार्थभाष्य - सप्तम अध्याय.

पुस्तक ३१ } वीर सं. २४६०. कार्तिक आत्म सं. ३ जो. { अंक ४ थो.

## અધ્યાત્મ ભાવના પદ.

### આવશો મા !

આવશો મા ! કોઇ આવશો મા !
મારા હૃદય મંદિરમાં કોઇ આવશો મા !
વિરાજે વિભુ વર્ધમાન વીતરાગી,
દીવ્ય એ મંદિરમાં કોઇ આવશો મા !
મારા હૃદય-મંદિરમાં કોઇ આવશો મા !
ભવ ભવ ભટકયો જીવ અભાગી,
ઘોર દળ કર્મના કોઇ લાવશો મા !
મારા હૃદય-મંદિરમાં કોઇ આવશો મા !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પરિવર્તન.

( ગતાંક પૃષ્ઠ ૬૭ થી શરૂ )

લેખક—નાગરદાસ મગનલાલ દોશી બી. એ.

મારા પિતા કોઇ રાજા ન હોતા પણ એક મોટા રાજ્યના ભૂપતિના બન્ધુ અને મોટા જાગીરદાર હતા. વળી મારા પિતાશ્રીના બન્ધુને કોઇ સંતાન ન હોવાથી ભવિષ્યનો હું રાજા ઠરી ચુકયો હતો. આ મારા સદ્‌ભાગ્યથી લોકો મારા નસીબની ઈર્ષ્યા કરતા અને મને માન આપતા. ઘરમાં પણ મારૂં બહુ વજન પડતું. મારા પિતાશ્રીના ચક્ષુઓનું હું નૂર હતો અને એકનો એક પુત્ર હોઇ માતાનો લાડકવાયો હતો. દુનિયામાં એવી કોઇ વસ્તુ ન હતી જે મને મારા માતપિતા ન ખરીદી આપે. હું પાણી માગતો ત્યારે દુધ હાજર કરવામાં આવતું. હું હંમેશા દાસ–દાસીઓથી વીંટળાએલો રહેતો અને અપમાન જેવી વસ્તુ મારે લલાટે વિધિ લખવી ભૂલી ગયો હોય તેમ સર્વ કોઇને લાગતું. હું નાનપણથી જ બ્હાર ફરવાનો શોખીન હતો અને જનતા સાથે ભળવામાં મને બીલકુલ સંકોચ થતો નહિ. કોણ જાણે કેમ મને બચ્ચપણમાંથી જ જનતા નમે એ બીલકુલ ગમતું નહિ; અને એ મારો અણુગમો જાહેર કરવા જ્યારે લોકો મને નમતા ત્યારે હું પાછા નમસ્કાર કરતો નહિ. આનું પરિણામ એ આવ્યું કે લોકો મને મને અભિમાની ધારવા લાગ્યા. જ્યારે તેમ કરવામાં મારો ઇરાદો લોકોના નમન બંધ કરવાનો હતો. આ બળવાનું પરિણામ એ આવ્યું કે જ્યારે રાજા તથા મારા પિતાશ્રીના સાંભળવામાં આ વાત આવી ત્યારે મને બોલાવી ઠપકો દેવામાં આવ્યો. ભાઇ ! જ્યારે પ્રજાજનો નમે ત્યારે સ્મિતપૂર્વક આપણે પણ નમવું જોઇયે નહિતર પ્રજા આપણને અભિમાની ગણે અને પ્રજાનો પ્રેમ આપણે

---

વિલાસના અંબાર રહ્યા સંસારમાં,
ઝેરી એવાં બીજ કોઇ વાવશો મા!
મારા હૃદય–મંદિરમાં કોઇ આવશો મા !
અજવાળાં અનંતનાં વહે ઉરમાં,
ભાન દીવ્યતાનાં કોઇ ભાગશો મા !
મારા હૃદય–મંદિરમાં કોઇ આવશો મા !

વિનયકાંત કાંતિલાલ મહેતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંપાદન ન કરી શકીએ. આ ઠપકો સાંભળ્યા બાદ મેં મારા પિતાશ્રી તથા રાજાને કહ્યું કે પ્રજાએ આપણુને નમસ્કારજ શું કામ કરવા જોઇયે ? પિતાજી મોટાઈ નમસ્કાર ઝીલવામાં નથી પણ નમસ્કાર કરવામાં છે. નમસ્કાર ઝીલવાથી માણુસ અભિમાની બની લોકોથી અળગો થાય છે ત્યારે નમસ્કાર કરવાથી તે જ માણુસ નમ્ર બની મનુષ્યને સમજતો થાય છે. હવે કહો પિતાજી હું અભિમાની થાઉં એ આપને ગમશે કે નમ્ર બની પ્રજાનો સેવક થઇ લોકોના હૃદયમાં હંમેશને માટે સ્થાન મેળવું એ આપ પસંદ કરશો ? આપ સાચી મહત્તાને પસંદ કરશો કે મહત્તાના આભાસમાત્રને સ્વીકારશો ? બીજાઓના નમન ઝીલવા એ મહત્તા નથી પણ તેનો ભાસ માત્ર છે. પિતાજીને મારી વાત ગમી પણ વર્ષોથી મનાતી આવેલી રૂઢીઓને તોડવા જેટલું બળ તેનામાં ન હતું. ભાઇ આપણા પૂર્વજોથી ચાલી આવેલી આ રીતિને તોડવાનું સબળ કારણુ મને લાગતું નથી. આવી રીતે પહેલેથી જ શ્રીમંતોની ટેવો મને બીલકુલ અર્થ વગરની લાગતી એટલું જ નહિ પણ હું તેમને ઉઘાડી રીતે તિરસ્કારતો. આમ હું મારી સ્થિતિથી અસંતોષી તો રહેતો જ એમાં એક એવો પ્રસંગ બન્યો કે જેણે મારૂં સમગ્ર જીવન પલટાવી નાખ્યું. એક વર્ષે લોકોના પાપનો ઉદય હોય તેમ વરસાદ રીસાઇ ગયો અને નામનો જ વરસાદ પડ્યો. આથી સર્વત્ર શોક છવાઇ રહ્યો, કારણુ કે ભારતવર્ષ જેવા ખેતીપ્રધાન દેશ માટે વરસાદ એ અમીરસની ગરજ સારે છે. અને એ ઉપકારના બદલામાં જ લોકો તેને મેઘરાજા કહી સંબોધે છે. દુષ્કાળથી ગરીબ લોકો બહુ હેરાન થયા અને કેટલાકને તો દાંત અને અન્ન વચ્ચે વેર થયા. આવી સ્થિતિ જ્યારે સારાય દેશની હોય ત્યારે અમારા ખેડુતો ક્યાંથી સુખી હોઇ શકે ? તેઓના ઢોરઢાંખર તથા બીજી કેટલીક આવશ્યક વસ્તુઓ વેચીને જે પૈસા આવ્યા તે બીચારા ખેડુતોએ મહેસુલ પેટે ભર્યા પણ તોએ તેઓ પુરા પૈસા આપી ન શકયા. હવે પિતાજી પણ બાકીના પૈસા છૂટ તરીખે મુકી દેવા માગતા ન હતા. તેઓ તો કહેતા કે તમારૂં ગમે તે થાય પણ અમને તો પુરી મહેસુલ મળવી જ જોઇયે. જ્યારે વધારે સારા વર્ષો થાય છે ત્યારે ઠરાવેલ દર કરતાં શું તમો અમને વધારે આપો છો જેથી મોળા વર્ષમાં અમે તમારૂં ઓછું સ્વીકારીયે ? આ અને આવી બીજી કેટલીક દલીલો પિતાજી કરતાં અને ખેડુતોની દયા માટેની અરજી ઉપર ઠંડુ પાણી રેડતાં. આખરે ખેડુતો થાકયા અને છેલ્લાં ઉપાય તરીખે બિચારાઓ મારી પાસે દયાની ભિક્ષા માટે આવ્યા. મેં પિતાજીને દયા બતાવવા અને બાકીનું લ્હેણું માફકરવા ઘણાય વિનવ્યા પણ તેઓ એકના બે ન થયા. તેમનું હૃદય ભિંજાય માટે મેં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખેડુતોના દુઃખની તથા હાડમારીની વિગતો તેમને કહી પણ એ બધું નિષ્ફળ નીવડયું. જ્યારે મારી દલીલો બહુ જ આકરી અને સમજણપૂર્વકની થવા લાગી એટલે મને મુંગો બનાવવા માટે નવા રસ્તાઓ યોજાયા. ભાઇ આપ શું કામ લમણાજીક કરો છો ? એ ખેડુ લોકો તો હરામી છે. આજે એને સાંભળશો તો કદિ તમારો પીછો નહિ છોડે. વળી તમોને થકવી નાંખશે એતો હાંસલમાં. એ તો અમેજ એને પહોંચીએ. બાકી તમારી જેવા મોટા માણસનું આમાં કામ જ નહિ. શું કહો છો બાપુ ? આમ બોલતા કામદારે પિતાજીની સાક્ષી પોતાના કથનના સત્યના પુરાવા તરીખે માગી લીધી. પિતાજીએ કહ્યું કે એમાં ખોટું શું છે ? બાકી હજુ તે બાળક છે એટલે અનુભવ ઓછો. બાકી જ્યારે પીઢ થશે ત્યારે એની મેળેજ આવી માથાકુટમાંથી દૂર ભાગશે. આજે વાર્યો નથી કરતો તે આવતી કાલે હાર્યો કરશે. પિતાજીના આ જવાબથી મને બહુ જ માઠું લાગ્યું પણ નિરૂપાય હતે', કારણ કે વડીલ પાસે વિનતિ સિવાય બાળક માટે તેમને સમજાવવાને બીજો કયો ઉપાય હોઇ શકે ? હવે મારે શું કરવું તે હું નક્કી ન કરી શકયો, પણ આ દિવસ એ મારે માટે યાદગાર નીવડયો. અત્યારસુધી જે વૈભવો અને વિલાસો મને બહુ જ પ્રિય લાગતાં અને જેઓ હંમેશ રહેશે કે નહિ તેની મને ચિંતા રહ્યા કરતી, તેઓના ઉપર સહજ મને અભાવ અને તિરસ્કાર ઉદ્ભભવ્યા. પહેલાની જેમ હું ગાડીમાં ફરતો પણ ગાડીના પૈડાઓ નીચે ખેડુતો કચડાતા મને લાગ્યા. તેઓની ચીસ અને કારમી વેદના મારા સુખ સ્વપ્નો નષ્ટ કરતી મને લાગી. મારા રોટલાના ટુકડામાં ગરીબ ખેડુઓના છોકરાની અન્ન માટે દયાભરી આજીજી મેં વાંચી. મારા આલીશાન અને ભવ્ય મકાનના ચણતરમાં ચુનાને બદલે એ ગરીબ લોકોના રૂધીર વપરાયા હોય તેમ મને લાગવા માંડયું. આવી સ્થિતિમાં એ ઘરમાં રહેવું મુશ્કેલ હતું. છેલ્લા ઉપાય તરીખે પિતાજીને હજુ પણ પોતાનો નિર્ણય ફેરવવા વિનવ્યા અને નહિતર વધારે ભયંકર પરિણામ માટે તૈયાર રહેવા ન છૂટકે સૂચવ્યું. પિતાજી તો જમાનાના બાધેલ હતા. તેઓ મારી આવી ધમકીથી ડરે એ કે અસંભવિત હતું. હવે મારો કટોકટીનો વખત આવ્યો. એક રાત્રે મેં પિતાજીથી જુદા પડવા નિશ્ચય કર્યો અને મારા ઠરાવની જાણ કરતો પત્ર પાઠવીને સિદ્ધાર્થની જેમ મેં પણ રાત્રે ઘરત્યાગ કર્યો. બીજે જ દિવસે મેં સંસાર ત્યાગ કર્યો અને ત્યારથી હું એક સ્થળેથી બીજે સ્થળે ફરૂં છું અને લોકોને યથામતિ ઉપદેશ આપું છું. હવે બોલો રાજકુમાર ! મારો ત્યાગ એ સુખનું પરિણામ કે દુઃખનું ? આ સાંભળી કુંવરની આંખમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# છાત્રાલયમાંથી (સંગ્રહિત).

## (૧) "સંસ્કારી માણસો કેમ જમે ?"

૧ હાથ મોઢું સ્વચ્છ કર્યા પછી જ જમે. ૨ સ્વસ્થતા પૂર્વક વ્યવસ્થિત રીતે બેસીને જમે. ૩ મૌન રાખીને જમે. ૪ જરૂરે પડે તો નજીકના ભાઇઓ (બ્હેનો) માત્ર સાંભળે તેવી રીતે ધીમે ધીમે (મુખ શુદ્ધિ સાચવી) બોલે ને જમે. ૫ ઠામ-વાસણનો ખડખડાટ ન જ કરે. ૬ થાળીની આસપાસ ચોખ્ખું રાખે. ૭ બેસનારને પાસે બેસવાનું મન થાય તેવી સ્વચ્છરીતે જમે. ૮ જમતાં જમતાં જે તે માગ માગ ન કરે. ૯ કયો પદાર્થ ઓછો રંધાયો છે તે સાનમાં સમજે. ૧૦ શાન્તિથી હેઠે હૈયે જમે. ૧૧ અન્નની નિંદા કદિ ન કરે. (અસંસ્કારી) જંગલી માણસ કેમ જમે ? તે ગમે તેમ ઢંગધડા વગર મેલા હાથે, અજીઠું વેરતો વેરતો, જોનારને સૂગ ચડે તેવી રીતે હુશ હુશ જમે." એવાનું અનુકરણ કરતાં સંસ્કારી માણસોનું જ અનુકરણ કરવાથી હિત થઇ શકે. ઘણા વખતની કુટેવો ત્યારે જ સુધરે અને સ્વપર અનેકને

---

અશ્રુ ઉભરાયા અને અવિનય માટે સાધુની માફી માગી. તે દિવસે શીકાર વગર અને કાંઈ બોલ્યા વગર તે સાધુ પાસેથી પાછો ઘરે ફર્યો. રાત્રિ આખી ઉંઘ વગર પસાર કરી અને સવાર થતાં રાજ્યના ગેઝેટનો અસાધારણ વધારો બ્હાર પડયો. એ ગેઝેટમાં શું લખ્યું હતું ? તેમાં એ હતું કે હવે પછી આ રાજ્યમાં કોઇ પણ માણસ શીકાર ન કરે. ખેડુતોની ઠરાવેલી હાલની મ્હેસુલ અર્ધી કરવામાં આવે છે. જે ગરીબ લોકોને કોઇપણ જાતની દખલગીરી અથવા કનડગત હોય તેમણે કુંવરને રૂબરૂ મળવું. આ અને આવા બીજા હુકમો ગેઝેટમાં છપાયેલા હતા. તે દિવસથી કુંવર રાજ્યમાં તેમજ પોતાના ખર્ચમાં બહુજ કાપકુપ કરવા મંડયો અને પ્રજા કેમ સુખી થાય તેના વિચારો પોતાના વિચક્ષણ પ્રધાનો સાથે ચર્ચવા મંડયો. પ્રજા તથા અમલદાર વર્ગ આ રાજાના પરિવર્તનથી હેરત પામ્યો; અને રાજાને રાજી રાખવા તેનું અનુકરણ કરવા લાગ્યો. હવે રાજકુમાર રાજ્ય કરે છે પણ રાજ્યના હક્કદાર તરીખે નહિ પણ પ્રભુના સાચા પ્રતિનિધ તરીખે. તેને રાત્રિ દિવસ ચિંતા રહ્યા કરે છે. તેના વૈભવો કાયમ કરવાની નહિ પણ પ્રજાનું સુખ વધારવાની. ધન્ય છે આવા મુનિઓને અને આવા રાજકુમારોને !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દ્રવ્ય ભાવથી અનેક ફાયદા ત્યારે જ થઇ શકે. પ્રિય ભાઇ–બ્હેનો હવે જમવા પ્રસંગે વિવેક ન ભૂલે. બીજાની ભૂલ કે ખામી શોધી બતાવવી સહેલી છે તે પહેલાં આપણી જ ભૂલ શોધી સુધારી લેવી બહુ જરૂરની છે. **ઇતિશમ્.**

(૨) "**શાન્તિ અને સ્વચ્છતા**" આપણે સહુ ઇચ્છીએ પણ તે શોધી ક્યાંથી જડે? વાડ વેલા ચોરે એવી સ્થિતિ લગભગ થઇ છે. તે જોઇ–જાણી તેની ઉપેક્ષા નહીં કરતાં કરૂણા–કોમળતા–સભ્યતાથી તે સુધારવા સંસ્કારી ભાઈબ્હેનોએ પ્રયત્ન કરવો. તે સમાજથી અતડા રહીને નહીં પણ નિઃસ્વાર્થ-પ્રેમથી તેનું મહત્ત્વ આપણા પોતાના આચરણથી જ બતાવી સુધારી શકાય.

(૩) "**વિદ્યાર્થીઓનાં શરીર આરોગ્ય માટે પહેલાં પગથીઆ તરીકે**—દાંત, આંખ, કાન અને મળાશયની યોગ્ય સંભાળ લેવાની જરૂર." (૧) **દાંત** દાડમની કળી જેવા રહે, તેની પોલોમાં જરાપણ અનાજ ભરાઈ ન રહે, તેના અવાળુ વિગેરે સાફ અને દ્દઢ રહે. ૨ **આંખો**માં ખીલ કે તાપોડીયાં હોય તે કાળજીભરી સારવાર કરીને તેને દૂર કરવા. ચશ્માની જરૂર હોય તો તુરત લેવડાવવા. રાત્રે વધારે પડતું વાંચીને કે ખરાબ સ્થિતિમાં રહીને વાંચીને આંખો બગાડતા વિદ્યાર્થીઓને યોગ્ય રીતે દોરવવા. ૩ કેટલાક વિદ્યાર્થીઓ ઓછાવત્તા પ્રમાણમાં બ્હેરા અને ધ્યાન બ્હેરાં હોય છે. આના કારણોમાં વ્હેતો કાન, મેલવાળો કાન અને કાનના પડદા ઉપર કરવામાં આવતો અવિચારી હુમલો (અતિજોરથી અવાજ કરવાની ટેવો) હોય છે તે દૂર કરવાં જોઇએ.

૪ **મળાશય**માં કચરો ભરાવાના કારણે કેટલાયે વિદ્યાર્થીઓને નાના-મોટા રોગો થયા જ કરતા હોય છે. પેસાબ કે ઝાડો પરાણે રોકવાથી મળાશય કે મુત્રાશય બગડે તેમાં નવાઈ નથી. આની અસર આરોગ્ય ઉપર ભારે થાય છે. મળાશયની સાથે જ ખોરાકનો વિચાર અનિવાર્ય બને છે. એ બધાની યોગ્ય સંભાળ લેવાથી લાંબા દુઃખથી બચી જવાય છે અને શરીર આરોગ્ય ઠીક સચવાઈ શકવા ઉપરાન્ત વિદ્યાભ્યાસમાં ખામી આવતી નથી. **ઇતિશમ્**

(૫) "**સાચા વૈદ સમો ગૃહપતિ**" દર્દીના રોગને બહાર આવતો અટકાવે તે સારો વૈદ નથી, પણ એ રોગનું મૂળ શોધીને તે મૂળનો જ ઉપાય કરે તે સાચો વૈદ છે. તેમ વિદ્યાર્થીઓના નાના મોટા દોષો નજરે આવતા અટકાવે એ સાચો ગૃહપતિ નથી પણ એ દોષોનાં મુળ શોધીને તેમનો ઉપાય કરે તે સાચો ગૃહપતિ છે. એવા વૈદ ને ગૃહપતિ સાંપડો.

(૬) "**સ્વદેશી**" તમે જે ચીજ વાપરો તે સંપૂર્ણ સ્વદેશી જ વાપરો. જે ચીજ આપણા દેશમાં જ ઉત્પન્ન થઇ હોય તે **સ્વદેશી.** જે ચીજ ઉત્પન્ન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવામાં આપણા દેશભાઇઓએ મહેનત કરી હોય તે **સ્વદેશી.** જે ચીજનો નફો મોટે ભાગે આપણા દેશભાઇઓને મળતો હોય તે **સ્વદેશી.** જે ચીજની ઉત્પત્તિના વહીવટ વિગેરેમાં આપણા ભાઇઓનો મોટો હિસ્સો હોય તે **સ્વદેશી.**

(૭) " **સ્વદેશી ભાવના** " ભારતભૂમિની સંસ્કૃતિને ધાવીને આપણે મોટા થયા છીએ. એ ભૂમિનાં સંતાનો નાગાં ભૂખ્યાં તો યે આપણાં ભાંડુડાં છે. જે ધંધો આ નાગાં ભૂખ્યાં ભાંડુડાંને રોટલો અને લંગોટ આપે તે ધંધો સ્વદેશી. જે ધંધો આ નાગાં ભૂખ્યાં ભાઇભાંડુંઓને ઢાંકે ને પોષે તે ચીજો સ્વદેશી. જે ચીજો ખરીદ કરવાથી આપણો પૈસો પરદેશ ચાલ્યો ન જાય તે **સ્વદેશી ભાવના.**

(૮) " **બીડી પીવાનું વ્યસન** " કોઈ કોઇ વિદ્યાર્થીઓમાં જોવામાં–જાણવામાં આવે છે. તેનો ચેપ બીજા વિદ્યાર્થીવર્ગને ન લાગે એવા સારા ઇરાદાથી ગૃહપતિ કે લાગતાવળગતા તેમના ઉપર ખીજાઇ જાય છે અને તે બદલ તેમને યોગ્ય શાસન કરવા ઇચ્છા રાખે છે. ખરી રીતે બીડીથી સ્વ-પરને નુકશાન થાય જ છે એવી માન્યતા તેવા વિદ્યાર્થીઓને થઇ હોતી નથી. તેમાં તેમને કશા ગુન્હા જેવું જણાતું નથી. ઘણે ભાગે ઘરમાં જ પિતા તરિકે વડીલને બીડી પીતાં દેખી પોતે શિખેલ હોય છે. તેમાંથી તેમને મુકત કર-વા જ હોય તો પ્રેમપૂર્વક બીડીથી થતા નુકશાનનું તેમને બરાબર ભાન કરાવશો તો જાતે દહાડે તે બદીમાંથી તેઓ મુકત થઈ જશે.

(૯) " **ગૃહપતિની જવાબદારી** " માબાપ થવું સહેલું. લોહીનો સંબંધ એટલે માબાપ અને બાળકો વચ્ચે કેટલાક ઘર્ષણો તો ઉભાં જ થવા ન પામે. તેમ શિક્ષક થવું સહેલું. અમુક વિષયો જ શિખવવાના હોય તે વિદ્યાર્થીઓને શિખવી દીધા એટલે શિક્ષક પોતાને ઠેકાણે અને વિદ્યાર્થી પોતાને ઠેકાણે. ગૃહપતિ થવું અઘરૂં. માબાપોને તો પોતાનાં જ બાળકોને પોતાનાં રાખવાનાં જ્યારે ગૃહપતિને તો પારકા બાળકોને પોતાનાં કરવાનાં હોય છે. શિક્ષકને તો દિવસના પાંચ છ કલાક જ કેળવણીની દૃષ્ટિ રાખીને શીખવવાનું જ્યારે ગૃહપતિને તો નજીવી પ્રવૃત્તિઓમાં પણ એ દૃષ્ટિ રાખીને કામ લેવાનું હોય છે અને તે પણ આખો દિવસ. એટલે તેની જવાબદારી કેટલી વિશેષ છે તેનો ખ્યાલ આવી શકશે. પારકાં છોકરાં પોતાનાં કરવાની જેની તાકાત–યોગ્યતા છે ને તેવી આવડત સાથે શુદ્ધ નિઃસ્વાર્થપ્રેમથી કામ લઇ જાણે છે તે જ ગૃહપતિ થવાને લાયક લેખાય. **ઇતિશમ્.**

(સ. ક. વિ.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જીવનનાં મૂલ્ય.

અનંત પુણ્ય રશ્મિના પ્રચંડ પુન્યબળે જો કોઈપણ વસ્તુ મળેલી હોય તો તે એક માનવ જીવન છે.

જેના ત્યાગ અને સંયમના અનુષ્ઠાન દેવોને પણ દુર્લભ છે.

પરબ્રહ્મ ( મોક્ષ ) જે માનવ જીવનનું સાચું મૂલ્ય છે એવું અજોડ માનવ જીવન કે જેનું ધ્યેય અનંત છે. આત્મના પુણ્યપુંજોની રાશિને, આત્માના અનંત સત્ત્વને પ્રગટ કરવા જે અત્યુત્તમ અદ્વિતીય સાધન છે, જે જીવનમાં શ્રદ્ધારૂપી સાગરના તીર ઉભરાતાં બે ઘડી જેટલા સમયમાં અર્ધપુદ્ગલપરાવર્તન કાળ નષ્ટ થાય છે એવા મહાન્ તેજો રાશીમય આ માનવ જીવનનાં મૂલ્ય અજોડ છે.

ક્રોધની ભભુકતી જ્વાળા, અભિમાનની ઉગ્રતા, માયાની વક્રતા, લોભના થોભ, એ સર્વ માનવ જીવનની જ્યોત પ્રસગતાં ખાખ થઈ જાય છે.

પ્રભુ મહાવીરસ્વામીએ યુવાવસ્થામાં કરેલો મોહનો પરાજય, ઇંદ્રની પણ સહાયની ના, અને વિઘ્નની પરંપરાની સામે સત્ત્વની પરાકાષ્ઠા, અન્તે આત્મજ્યોતિનો પ્રકાશ, એ સર્વ આ માનવ જીવનમાં જ જન્મ પામેલ છે અને એ જ માનવ જીવનના ખરા મૂલ્ય છે.

એ જીવનના મૂલ્ય પ્રાપ્ત કરતા પહેલા જીવનમાં ઘર કરી રહેલા, પામરતા, કાયરતા, નિઃસત્ત્વપણું અને સાધનોની વિપુલતામાં માની લીધેલી પૂર્ણતા એ સર્વને જીવનના અણુમાંથી બહાર કાઢી જીવનની અંદર, સત્ત્વ, સત્ય, શ્રદ્ધા, પુરૂષાર્થ અને દિવ્યજ્ઞાનના પ્રવાહને વહેવડાવી, જીવનના સાધ્યને સન્મુખ રાખી, અહર્નિશ તે સંસ્કારથી જીવનને ઘડી તેમાં જ જીવનની પૂર્ણતા માનવી એ જ જીવનના ખરેખરાં મૂલ્ય છે.

શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયજી કહે છે કેઃ—

पूर्णता या परोपाधेः सा याचितकमंडनम् ।
या तु स्वाभाविकी सैव जात्यरत्न विभानिभा ॥

આત્માના સિવાયની બીજી સામગ્રીથી માની લીધેલી પૂર્ણતા તે માગી લાવેલા આભૂષણ જેવી છે જ્યારે આત્માસંબંધી પૂર્ણતા તે જાતિવંત રત્નની કાન્તિના જેવી છે.

આ શ્લોકનું રહસ્ય વારંવાર મનન કરવા યોગ્ય છે. આજે જે મહાન્

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુરૂષોના પ્રાતઃકાળમાં નામોચ્ચારણ કરીએ છીએ. આજે જે મહાન્ પુરૂષોના જીવનથી આપણો ઇતિહાસ ઉજ્વળ બન્યો છે, જેમના જીવનના અણુએ અણુમાં વહેતી સુરભિનો આજે પણ જે આસ્વાદ કરીએ છીએ તે તેઓના જીવનમાંથી જણાય છે કે તેઓના જીવનની પ્રતિજ્ઞા ૧શરસાટે હતી. તેઓનું જેટલું વકતવ્ય તેટલું જ કર્તવ્યમય ચારિત્ર હતું " વિઘ્ન જાવ વચ્ચેની વાટ, વીરનરોને લખી લલાટ " એ તો તેમની સામે જ ખડું રહેતું હતું " સ્વીકારેલો પંથ ન ત્યજવો સંતની એ સુનીતિ " એ તેમના જીવનસૂત્ર હતા. જેની સુગંધ, જેનું તેજ, જેનું સત્ય આજે પણ દુનિયા પર પ્રકાશ પાડી આપણા જીવનના મૂલ્ય સાથે સરખાવે છે કે આપણામાં કેટલો તફાવત છે? લક્ષ્મી અને તેની સામગ્રીની વિપુલતા એ જીવનની પૂર્ણતા નથી, પરન્તુ એ સાધનોને સાધ્ય એવો જે આત્મપ્રકાશ તેને મેળવવામાં જે ઉપયોગ કરવો તે જ માનવ જીવનની સાચી પૂર્ણતા છે.

અને ઇતિહાસમાં જોઇએ છીએ કે–" પૂણિયા શ્રાવકની સામાયિક " " અભયકુમારની બુદ્ધિનો ઉપયોગ " " શ્રદ્ધાન્વિત સુલસાને મોકલાવેલ ધર્મલાભ " " ધન્નાશાલિભદ્રે કરેલો ઋદ્ધિનો ઉપયોગ " એ સર્વ માનવ જીવનની ખરી સમૃદ્ધિ બતાવે છે. એ ઉભરાતાં માનવ જીવનનાં ખરેખરાં મૂલ્ય ઉભરાય છે.

સામગ્રી અને સંસ્કાર એ બન્ને ભિન્ન વસ્તુ છે. સામગ્રી સંપૂર્ણ મળ્યા છતાં નિઃસત્વ પુરૂષ સંસ્કારને પ્રાપ્ત કરી શકતો નથી. એથી આજીવન તે અપ્રમત્ત રહી પ્રમાદ, ઈર્ષ્યા, કલેશ, અજ્ઞાનના જામેલા યૂથને નષ્ટ કરવા–યુદ્ધ કરવા મળેલું છે, તે સત્ત્વ વિના સામે નહિં ટકી શકે " क्रियासिद्धिः सत्त्वे वसति महतां नोपकरणे " એ સૂત્રને યાદ રાખી જીવનને સત્ત્વમય બનાવવા ભગીરથ પ્રયાસ અત્યંત જોખમે પણ પ્રાપ્ત કરવાનો છે અને એ સત્ત્વના બળે જ મહાન્ પુરૂષોએ સર્વત્ર વિજય મેળવેલો છે.

જીવનનાં મૂલ્ય પારખવા હોય, તેનો ખરેખરો માર્ગ મેળવવો હોય તો ગમે તે વસ્તુના ભોગે સત્ત્વને પ્રાપ્ત કરી તે સત્ત્વને જીવનના રોમરોમમાં પ્રસરાવી, જીવનમાંથી આત્માના શત્રુઓનો પરાજય કરી, આત્માના આનંદનો પ્રકાશ પ્રાપ્ત કરવામાં જ તેનો ઉપયોગ કરવો તે જ માનવ જીવનનું સાધ્ય તથા માનવ જીવનનાં મૂલ્ય છે. એક કવિ કહે છે કેઃ—

" સુકાની ચિત્તને ચીંધી દીવાદાંડી પ્રભુ ત્હારી
જનમ ને મૃત્યુથી બચવા પ્રભો દે એક ચીનગારી. "

જૈન ગુરૂકુળ
પાલીતાણા.

લેખક—
કસ્તુરચંદ હેમચંદ દેશાઇ—ધાર્મિક શિક્ષક.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મહાત્મા સિદ્ધર્ષિપ્રણીત શ્રી ઉપમિતિ-ભવપ્રપંચાકથાનું સપદ્ય–ગદ્ય ભાષાંતર.

( ગતાંક પૃષ્ઠ ૫૩ થી શરૂ. )

ભાષાંતરકર્તા—'મનોનંદન'.

વસંતતિલકા.

**તૃતીય–**

હિંસા વશે વળીય ક્રોધ વશે કરીને,
ને સ્પર્શનેંદ્રિયથી મૂઢ દુ:ખી થઇને;
સંસારીજીવ ભવમાં નરજન્મ ભ્રષ્ટ,
ભાખ્યું તૃતીયમહિં એહ સુખે જ સ્પષ્ટ. ૬૪–૬૫

**ચતુર્થ–**

જિહ્વેન્દ્રિ[7] ને અનૃત[7] માનવિષે પ્રસક્ત,
સંસારીજીવ દુ:ખપીડિત જેમ અત્ર
પુન: ભમ્યો ભવ અનંત અપાર જેમ,
ભાખ્યું ચતુર્થમહિં સૌ સવિશેષ એમ. ૬૬–૬૭

**પંચમ–ષષ્ઠ.**

વિપાક માય ત્યમ [8]સ્તેય જ [9]ઘ્રાણનાય,
સંસારીજીવ થકી પંચમમાં ભણાય;
મૈથુન લોભ વળી ચક્ષુતણો વિપાક,
છઠ્ઠે કહ્યો અનુભવેલ જ પૂર્વ આપ. ૬૮–૬૯

દોહરા.

**સપ્તમ–**

સપ્તમ પ્રસ્તાવે બધો, મહામોહ ઉલ્લાસ;
[10]શ્રોત્ર પરિગ્રહ સાથમાં, વર્ણવ્યો અહીં ખાસ. ૭૦

અનુષ્ટુપ્.

**પરંતુ–**

ત્રીજાથી સાતમા સુધી, અત્ર પ્રસ્તાવ પંચકે,
સંસારીજીવનો સર્વ, વર્ત્તે વૃત્તાન્ત વૃંદ જે. ૭૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કંઇ તે સાંપડ્યો તેને, કથાયો કંઇ અન્યથી;
વર્ણવ્યો તોય સૌ તેનો, તેના પ્રતીતત્વથી.× (યુગ્મ.) ૭૨

શિખરિણી.

**અષ્ટમ**–

આંહાં [1]મેળવ્યા લે પૂરવ સૂચનો અષ્ટમમહીં,
અને સાધી લે છે સ્વહિત જીવ સંસારિય અહીં;
સુણી સંસારીનું ચરિત [2]ભવવિરંજક અતિ,
કથાયું કે 'બુઝયો વળી પુરુષ તે ભવ્ય સુમતિ.' ૭૩-૭૪

તથા તે સંસારીથકી ફરી ફરી પ્રેરિત થતી,
અગૃહીતસંકેતા પણ પછી બુઝી કષ્ટથી અતિ;
વૃતાંત સ્વાત્માનો નિરમલ સૂરિ કેવલી કને,
જઇ પૂછયો, ને તે કથિત અવધારે નિજ મને. ૭૫-૭૬

અનુષ્ટુપ્.

અને સદાગમે તેને, સ્થિર ફરી ફરી કર્યો;
અવધિ પામીને તેણે, પ્રતિપાદિત આ કર્યો. ૭૭

**તેમજ વળી–**

## અંતરંગ પાત્રોના ઉપમાનની યુક્તિયુક્તતા–શાસ્ત્રાધાર.

સ્રગ્ધરા.

'હ્યાં [3]આંતર્ લોકના આગમન ગમન ને જ્ઞાન ગોષ્ઠિ ય ભાખી,
બંધુતા ને વિવાહ પ્રમુખ સઘળીયે [4]લોકસ્થિતિ પ્રકાશી;
ને તે ના દુષ્ટ જાણો! (કારણ કે) અપર વર ગુણો રે ! અપેક્ષી ઉદારા.'
* બોધાર્થે સર્વે તે તો કથન કરી અહીં ઉપમાદ્વાર દ્વારા. ૭૮-૭૯

---

× (૧) ક્રોધ, માન, માયા, લોભ એ ચાર કષાય, તથા મહામોહ.

(૨) સ્પર્શન, રસના, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર એ પાંચ ઇંદ્રિયના વિષય.

(૩) હિંસા, અસત્ય, સ્તેય, મૈથુન અને પરિગ્રહ એ પાંચ અવ્રત;
એ પ્રત્યેકમાંથી એક એક ત્રીજાથી સાતમા પ્રસ્તાવ સુધી અનુક્રમે વર્ણવેલ છે.

૭ અસત્ય. ૮. ચોરી. ૯. સુંઘવાની ઇંદ્રિય, ૧૦. કર્ણેંદ્રિય.

૧. આઠમા પ્રસ્તાવમાં પૂર્વે કહેલ સર્વ વાતની અનુસાંધ મેળવી છે.

૨. સંસારથી વૈરાગ્ય ઉપજાવનાર. ૩. અંતરંગ. ૪. લોકવ્યવહાર.

* અંતરંગ પાત્રોના ગમન–આગમન, વાર્તાલાપ, વિવાહ, સંબંધ વગેરે જે લોકવ્યવહાર અત્રે કહેવામાં આવ્યો છે, તે ઉપમાથી કહેલ હોઇ યુક્તિયુક્ત છે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કારણ કે—

થાય જે સિદ્ધ સાક્ષાત્ અનુભવથા અને યુ[5]ક્તિ દોષિત નાંહિ,
તે સત્કલ્પિત એવી મળતી જ ઉપમાઓ ય સિદ્ધાંત માંહિ;

દષ્ટાંત તરિકે જેમ આવશ્યકમાં

સ્પર્દ્ધા આક્ષેપ સાથે[6] મગશઇલ અને પુષ્કલાવર્ત્તની છે,
નાગદત્ત પ્રબંધે [7]ફણી તણી ઉપમા ક્રોધ આદિકની છે. ૮૦-૮૧

તથા—

મત્સ્યે પિણ્ડૈષણામાં કથન નિજતણો સર્વ વૃત્તાંત કીધો,
ને સુક્કા પાંદડાએ ઉત્તરઅયણમાં તેમ સંદેશ દીધો;
તે માટે અત્ર તેને અનુસરી સઘળું જે કથામાં કથાશે,
તે યુક્તિયુક્ત જાણો-(કારણ કે) સકલ કથન આ ઉપમાથી પ્રકાશે ૮૨-૮૩

અનુષ્ટુપ્

નિવેદન કર્યું આમ, અંતરંગ શરીર આ;
બહિરંગ કથાકેરૂં, કથાય છે શરીર આઃ- ૮૪

## (ब) બહિરંગ કથાશરીર.×

સવૈયા એકત્રીસા.

અનુસુંદર ચક્રવર્તી—

સુમેરૂના પૂર્વવિદેહે,
સુકચ્છ નામે વિજયમાંય;
ચક્રવર્ત્તી અનુસુંદર નામે,
ક્ષેમપુરીમાં ઉપજ્યો ત્યાંય. ૮૫

---

કારણ કે જિનસિદ્ધાંતમાં પણ એવા ઉપમાનો મળી આવે છે.
જેમકે-(૧) આવશ્યકમાં (i) મગશેળીઆ પાષાણ અને પુષ્કલાવર્ત્ત મેઘની સ્પર્દ્ધા.
(ii) નાગદત્તની કથામાં ક્રોધાદિને સર્પની ઉપમા.
(૨) પિણ્ડૈષણામાં-મત્સ્યે પોતાનું ચરિત કહ્યું છે.
(૩) શ્રી ઉતરાધ્યયનમાં સુક્કા પાંદડાનો સંદેશો. (દ્રુમપત્રક અધ્યયન.)
આ વૃત્તાન્તો તે તે સ્થાનેથી જોઇ લેવા યોગ્ય છે. પરિશિષ્ટમાં આપવામાં આવશે.
૫ જેમાં યુક્તથી દોષ નથી ૬ મગશેળીઓ પાષણ. ૭ સર્પ.

× અત્રે પણ પાંચ પાત્રો છે. બહિરંગ–અંતરંગ પાત્રોની તુલના આ પ્રકારે છેઃ-
(૧) સદાગમ=સમંતભદ્રાચાર્ય.
(૨) ભવ્યપુરુષ=પોંડરીક રાજપુત્ર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ને પર્યંતે નિજ આયુના,
સ્વદેશ દર્શન કરવા કાજ;
વિલાસથી નીકળી પ્હોંચ્યો તે,
શંખપુરે એક દિવસ રાજ. ૮૬

**શ્રી સમંતભદ્રાચાર્ય-**

ચિત્તરમ ઉદ્યાન વિષે ત્યાં,
નામ મનોનંદન જિનધામ;
બિરાજમાન હતા તે ઠામે,
સમંતભદ્ર સૂરિ ભગવાન. ૮૭
સૂરિશ્રીની સમીપે બેઠા,
પ્રવર્ત્તિની મહાભદ્રા નામ;
તથા રાજપુત્રી અતિ મુગ્ધા,
સુલલિતા નામે તે ઠામ. ૮૮

અનુષ્ટુપ્.

સમંતભદ્ર શ્રી પાસે, ત્યાં પૌંડરીક નામનો;
રાજપુત્ર હતો બીજો, ને પુષ્કલ સભાજનો. ૮૯

**અને પછી- સૂરિના માર્મિક ઉદ્ગાર-**

"તે ચક્રવર્ત્તીએ ભારી, મહાપાપ બહુ કર્યાં;"
આ [1]જ્ઞાનાલોકથી દેખી, સૂરિ તે ધીર ઉચ્ચર્યા: ૯૦
"કોલાહલ અહીં જેનો, હાલ સુણાય લોકમાં;
સંસારિજીવ તે ચોર, દોરાય [2]વધ્યધામમાં." ૯૧

**મહાભદ્રાની કરુણા-**

શ્રવણે સુણી વાણી સૂરિની,
પછી ચિન્તે ચિત્ત તે પ્રવર્ત્તિની:—
"જીવ કોઈક નર્ક[3]ગામી એ,
વરણવ્યો અહિં જેહ સ્વામીએ." ૯૨

(૩) અગૃહીતસંકેતા=સુલલિતા રાજપુત્રી.
(૪) સંસારીજીવ=અનુસુંદર ચક્રવર્તી.
(૫) પ્રજ્ઞાવિશાલા=મહાભદ્રા પ્રવર્તિની.
વૈતાલિક (વિયોગિની)

૧. જ્ઞાનદષ્ટિથી. ૨. વધ કરવાના સ્થાને. ૩. નરકે જનાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરુણાળુ પ્રવર્ત્તિની થઇ,
પછી તે તેની સમીપમાં ગઈ;
ઉપજ્યું પછી તાસ દર્શને,
નિજને [4]ગોચર જ્ઞાન તેહને. ૯૩

દોહરા.

આવ્યો વૃત્તાન્ત જાણીને, તેની સાથ નૃપાલ;
વૈક્રિયલબ્ધિના બલે, ધરી ચોર આકાર. ૯૪

**ભવપ્રપંચ કથન–**

રાજપુત્રી પૂછે પછી, તેને સબહુ માન;
સર્વ ચૌર્યવૃત્તાન્ત ને, આદેશે ભગવાન. ૯૫
હેતુ તીવ્ર [5]સંવેગનો, ભવપ્રપંચ નિજ ખાસ;
ઉપમાદ્વારા એ કહે, બોધન અર્થે તાસ. ૯૬
પ્રસંગ શ્રવણ માત્રથી, પૌંડરીક ક્ષણમાંજ;
[6]લઘુકર્મતાથી સ્વયં, બુઝયો તે સુણતાંજ. ૯૭
તે તો તેથી ફરી ફરી, પ્રેરિત થતી છતાંય;
પૂર્વકર્મના દોષથી, બુઝે ન બહુ કથતાંય. ૯૮

**સર્વનું આત્મકલ્યાણ–**

તે પણ બુઝી કષ્ટથી, ને પછી તેહ તમામ;
પથ્ય કરી આત્માતણું, ગયા શિવાલય ધામ. ૯૯

અનુષ્ટુપ.

કથાશરીર આ આવું, ધારજો નિજ માનસે;
પ્રસ્તાવે અષ્ટમે એહ, સર્વ સ્ફુટ થઇ જશે ૧૦૦

## આ કથા શ્રવણના પાત્ર--અપાત્રની મીમાંસા

## દુર્જન અપાત્ર.

સ્રગ્ધરા.

શ્રીમદ્ સર્વજ્ઞશ્રીના [1]સમયરૂપ [2]સુધાસિંધુમાંથી જ એવી,
આકર્ષાઈ કથા આ પરમ અરથ અર્થે સુધાબિંદુ જેવી;
તે માટે દુર્જનો તો તસ શ્રવણ ખરે ! પામવા પાત્ર નાંહિ,
યોજાયે ના કદિ કાલકૂટ વિષ સુધાબિંદુની સાથમાંહિ. ૧૦૧–૧૦૨
તેથી વિચારણાના દુરજનગણના દોષની અત્ર થાતી,
સર્યું રે ! પાપીઆ તે અધમ જનતણી પાપકારી કથાથી !

---

૪ જાતિસ્મરણ જ્ઞાન. ૫. સંસાર પ્રત્યે વૈરાગ્ય. ૬. હળુકર્મી હોવાને લઇને.
૧ આગમ, શાસ્ત્ર. ૨ અમૃતસાગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાવ્યે હોય [3]સ્તવેલો દુરજન તદપિ દોષ માત્ર પ્રકાશે!!
નિન્દેલો તો વિશેષે તસ [4]અવધીરણા યુક્ત તેથી જ ભાસે. ૧૦૩-૧૦૪

અનુષ્ટુપ્.

* દુર્જનોતણી નિન્દામાં, [5]આત્મદૌર્જન્ય થાય છે;
મિથ્યા ભાષણ સ્તુતિમાં, અવજ્ઞા તેથી યુક્ત છે. ૧૦૫

## સજ્જનો સુપાત્ર-કારણ.

શિખરિણી.

અહો! અત્રે પાત્રો તસ શ્રવણના સજ્જન બને,
[6]લઘુકર્મી ભવ્યો [7]ક્ષીરનીરધિ શા ગંભીર મને;
પ્રશંસા કે નિન્દા તસ પણ ખરે! ઉચિત નહિં,
પરંતુ મૌન શ્રેયકર તસ આ કારણ અહીં.- ૧૦૬-૧૦૭
મહાપાપો નિન્દામહિં તસ અનંતા ગુણીતણી,
સ્તુતિ યે હું જેવા જડમતિથકી [8]દુષ્કર ઘણી;

**એટલું જ નહિં પણ-**

સ્તવેલા ના તોયે ગુણ ઝટ જુએ કાવ્યમહિં તે,
વળી ઢાંકે દોષો,-પ્રકૃતિ જ મહાત્માની અહિં એ. ૧૦૮-૧૦૯

અનુષ્ટુપ્.

**તેથી-**

સર્યું સ્તવનથી તેના! માત્ર તેહ મહામતિ;
સુણવા પ્રાર્થવા યોગ્ય, કથાય તેથી તે પ્રતિઃ- ૧૧૦

**સજ્જનોને વિજ્ઞપ્તિ-**

"[9]સુમન થઇ હે, ભવ્યો!
માહરા [10]અનુરોધથી;
ક્ષણ કાન દઇ સુણો,
કથાનું એહ મુજથી."

ઇતિ ભૂમિકા. (અપૂર્ણ.)

---

૩. કાવ્યમાં દુર્જનની સ્તુતિ કરી હોય તો પણ તે તેમાંથી જ દોષ શોધી કાઢે એવો હોય છે!! ૪. અવજ્ઞા, ઉપેક્ષા. ૫. પોતાનું દુર્જનપણું.

* દુર્જનોની નિન્દા કરવી યોગ્ય નથી, કારણ કે નિન્દા કરવી એ દુર્જનનું કામ છે, અને તેમ કરવાથી પોતાનું દુર્જનપણું કરે છે; તેમજ દુર્જનોની પ્રશંસા પણ યોગ્ય નથી, કારણ કે તેમ કરવાથી અસત્ય ભાષણ થાય છે; માટે દુર્જનની અવજ્ઞા જ યુક્ત છે.

૬. હળુકર્મી. ૭. ક્ષીરસમુદ્ર જેવા ગંભીર હૃદયવાળા. ૮. કરવી મુશ્કેલ. ૯. સુંદર મનવાળા. ૧૦ આગ્રહથી, વિનંતિથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## અગિયાર અંગોમાં નિરૂપણ કરેલ

# શ્રીતીર્થંકરચરિત્ર.

## ( શ્રી ઉપાસકદશાંગ સૂત્ર ).

( ગતાંક પૃષ્ઠ ૫૭ થી શરૂ )

હે દેવાણુપ્રિય ! તે કઇ રીતે યાવત્....મહાગોપ છે ?

ખરેખર દેવાણુપ્રિય ! શ્રમણભગવાન્ મહાવીર સંસાર–અટવીમાં માર્ગ-ભ્રષ્ટ થતા, મરતા, ખવાતા, છેદાતા, ભેદાતા અંગછેદ કરાતા તથા હરાતા ઘણા જીવોને ધર્મરૂપદંડવડે સારવાર ( રક્ષણ ) કરી સંતાડી પોતાના હાથે જ મોક્ષરૂપ મોટા વાડામાં ( ગાશાળામાં–ગાયોને રક્ષણ કરવાની જગામાં ) પહોંચાડે છે.

હે સદ્દાલપુત્ર ! આથી એમ કહેવાય છે કે શ્રમણભગવાન્ મહાવીર મહાગોપ છે.

હે દેવાણુપ્રિય ! અહીં મહાસાર્થવાહ આવ્યો હતો ?

હે દેવાણુપ્રિય ! મહાસાર્થવાહ કોણ ?

સદ્દાલપુત્ર ? શ્રમણભગવાન્ **મહાવીર મહાસાર્થવાહ** છે.

તે કઈ રીતે ?

ખરેખર દેવાણુપ્રિય ! શ્રમણભગવાન્ મહાવીર સંસાર–અટવીમાં નાસતા, મરતા યાવત....લૂંટાતા ઘણા જીવોને ધર્મરૂપમાર્ગવડે સારવાર કરી યાવત.... પોતાના હાથે જ મોક્ષરૂપ મહાપાટણની સન્મુખ પહોંચાડે છે.

હે સદ્દાલપુત્ર ! આથી એમ કહેવાય છે કે–શ્રમણભગવાન્ મહાવીર મહા-સાર્થવાહ છે.

હે દેવાણુપ્રિય ! અહીં મોટો ધર્મકથક આવ્યો હતો ?

હે દેવાણુપ્રિય ! મહાન્ ધર્મકથક કોણ ?

શ્રમણભગવાન્ **મહાવીર મહાધર્મકથક** છે.

તે કઇ રીતે ? શ્રમણભગવાન્ મહાવીર તે મહાન્ ધર્મવકતા છે ?

ખરેખર દેવાણુપ્રિય ! શ્રમણભગવાન્ મહાવીર વિશાળ મહેલ જેવા સંસા-રમાં નાસતા, વિનાશ પામતા, ખવાતા, છેદાતા, ભેદાતા, અંગછેદ કરતા, લૂંટાતા, ઉન્માર્ગમાં જતા, સન્માર્ગથી ભ્રષ્ટ થતા, મિથ્યાત્વના જોરથી દબાતા, તથા આઠ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્મરૂપી અંધકારના સમૂહથી ઢંકાતા એવા ઘણા જીવોને અનેક અર્થો યાવત.... વ્યાકરણ ( ઉત્તરો )વડે ચાર અંતવાળા સંસારરૂપી જંગલથી પોતાના હાથે જ પાર પહોંચાડે છે.

હે દેવાણુપ્રિય ! આથી એમ કહેવાય છે કે શ્રમણભગવાન્ મહાવીર મહા ધર્મકથક છે.

હે દેવાણુપ્રિય ! અહીં મહાનિર્યામક આવ્યો હતો ?

હે દેવાણુપ્રિય ! મહાનિર્યામક કોણ ?

શ્રમણભગવાન્ **મહાવીર એ મહાનિર્યામક** છે.

તે કઈ રીતે ?

ખરેખર હે દેવાણુપ્રિય ! શ્રમણભગવાન્ મહાવીર સંસારરૂપી મહાસમુદ્રમાં નાસતા, વિનાશ પામતા, યાવત....લૂંટાતા, બુડતા, ડુબીજતા, ઉછળતા એવા ઘણા જીવોને ધર્મરૂપ નાવવડે પોતાના હાથે મોક્ષરૂપી કિનારાપ્રત્યે પહોંચાડે છે.

હે દેવાણુપ્રિય ! આથી એમ કહેવાય છે કે શ્રમણભગવાન્ મહાવીર મહા-નિર્યામક છે.

ત્યારબાદ તે સદ્દાલપુત્ર શ્રમણોપાસકે ગોશાલ–મંખલિપુત્રને પૂછયું કે–હે દેવાણુપ્રિય ! તમે પૂર્ણચતુર છો, પૂર્ણબુદ્ધિવાન છો ( પૂર્ણનિપુણ છો ) પુરા-નયવાદી છો, પુરા ઉપદેશલબ્ધિવાળા છો તથા પૂર્ણ વિજ્ઞાન પ્રાપ્ત છો.

તો તમો નિશ્ચે મારા ધર્માચાર્ય ધર્મોપદેશક ભગવાન્ મહાવીરની સાથે વાદ કરવા શક્તિવાન છો ?

એ અર્થ સમર્થ નથી ( હું તેમ કરવા શકિતવાન નથી )

હે દેવાણુપ્રિય ! ખરેખર એ પ્રમાણે કેમ કહો છો કે તમો મારા ધર્મા-ચાર્ય યાવત્ મહાવીરની સાથે વાદ કરવાને શકિતવાન નથી.

હે સદ્દાલપુત્ર ? જેમ કોઇ તરૂણ પ્રશસ્ત–કાયવાળો ( નિરોગી સબળ ) યાવત....નિપુણ શિલ્પ ( કળા )વાળો પુરૂષ એક મોટા બોકડાને, મેંઢાને, ડુક્કરને કુકડાને, તેતરને, વર્તકને, હોલાને, કંપિજલને, કાગડાને કે બાજને હાથવડે, પગ-વડે, ખુરાવડે, પુચ્છવડે, પીંછાવડે, શીંગડાવડે, દાંતવડે, અથવા રૂંવાડાવડે જ્યાં જ્યાં પકડે છે ત્યાં ત્યાં નિશ્ચયપણે તથા સ્થિરપણે ( દઢરૂપે ) ધરે છે એ જ રીતે શ્રમણભગવાન્ મહાવીર મને અનેક અર્થોવડે હેતુવડે યાવત....પ્રશ્નોત્તરવડે જ્યાં જ્યાં પકડે છે ત્યાં ત્યાં પ્રશ્ન–ઉત્તરમાં માનતા પકડાવે છે; હે સદ્દાલપુત્ર ! આ કારણે એમ કહું છું કે હું યથાર્થભાવે તારા ધર્માચાર્ય યાવત્...મહા-વીરની સાથે **વાદ કરવાને સમથ** નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારે તે સદ્દાલપુત્ર–શ્રમણોપાસક મંખલિપુત્ર–ગોશાળને આ પ્રમાણે કહે છેકે જે કારણે તમો મારા ધર્માચાર્ય યાવત....**મહાવીરનું** વિદ્યમાન તથ્યયથાર્થ તથા સદ્ભૂત **ભાવોવડે ગુણકીર્તન** કરો છો તે કારણે હું તમોને પ્રતિહારવડે યાવત....સંથારાવડે ઉપનિમંત્રણ કરૂં છું કિન્તુ ધર્મ માનીને નહીં તેમજ તપ માનીને નહીં. તો તમો જાઓ મારી કુંભકાર–શાળામાં પ્રાતિહારિક તથા પીઠ-ફલક વિગેરે લઇ વિચરો.

ત્યારે ગોશાળ–મંખલિપુત્ર સદ્દાલપુત્ર–શ્રમણોપાસકના આ કથનને સાંભળે છે, સાંભળીને પ્રાતિહાર, પીઠ યાવત...સ્વીકારી વિચરે છે (રહે છે.)

ત્યારબાદ તે મંખલિપુત્ર–ગોશાલ સદ્દાલપુત્ર–શ્રમણોપાસકને અનેક આખ્યાનવડે, પ્રજ્ઞાપનવડે, સંજ્ઞાનપ્રયત્નવડે તથા વિજ્ઞાપનવડે નિગ્રંથ–પ્રવચનથી ચળાવવાને, ક્ષુબ્ધ કરવાને કે ઉલટા પરિણામવાળો કરવાને સફળ ન થયો ત્યારે થાકીને ખેંચાઇને ખેદિત થઇને પોલાસપુર નગરથી નીકળે છે, નીકળીને અન્ય દેશોમાં વિચરે છે.

## અંતકૃત્ દશાંગ સૂત્ર.

## વર્ગ ૮ અ. ૯૦ મોક્ષગામીઓના ચરિત્ર.

વર્ગ ૧ અંધકવૃષ્ણિના ૧૦ પુત્રોનું ચરિત્ર.

વર્ગ ૨ અક્ષોભ વિગેરેનું ચરિત્ર.

વર્ગ ૩ દેવકીના ૬ પુત્રો તથા ગજસુકુમાલ વિગેરે ૧૩ નું ચરિત્ર.

વર્ગ ૪ જાલી, મયાલી, શાંબ, પ્રદ્યુમ્ન વિગેરે ૧૦ યાદવકુમારોનું ચરિત્ર.

વર્ગ ૫ કૃષ્ણવાસુદેવની ૮ રાણી તથા મૂલશ્રી અને મૂલદત્તાનું ચરિત્ર.

આ પાંચે વર્ગમાંના ચરિત્રનાયકો ભગવાન્ નેમિનાથજીની પાસે દિક્ષા લીએ છે અને વિશેષભાગે શત્રુંજય તીર્થ પર મોક્ષે જાય છે.

વર્ગ ૬ મંકાતી અતિમુકતક વિગેરેના ચરિત્રો.

છેલ્લા ત્રણ વર્ગમાંના પ્રસંગો ભગવાન્ મહાવીરસ્વામીના સમયના છે તે પૈકીના ઘણાઓ વિપુલગિરિ પર મોક્ષે જાય છે.×

## અનુત્તરોપપાતિ સૂત્ર.

## (વર્ગ ૩, અ. ૩૩, ×શ્લો૦ પ્રમાણ ૯૨ )×

વર્ગ ૧–૨ શ્રેણિકરાજાના અભયકુમાર વિગેરે ૨૩ પુત્રોનું ચરિત્ર.

×સૂત્ર ૧૭ સૂત્રાનુસાર પ્રવૃત્તિનો વિશ્વાસ. ×આ સૂત્રમાં સાહિત્ની દૃષ્ટિએ પક્ષીના નામો, વૃક્ષના નામો શરીરના અવયવો તથા ૭૨ કળા ખાસ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્ગ ૩ ધન્નાશાલિભદ્ર વિગેરે ૧૦ પુરૂષોનું ચરિત્ર

જે દરેક ભગવાન્ મહાવીરસ્વામીની પાસે દીક્ષા સ્વીકારે છે. વ્રત પાળી અનુત્તર વિમાનોમાં દેવપણે ઉત્પન્ન થાય છે.

## શ્રી પ્રશ્નવ્યાકરણ.

આમાં ખાસ વિશેષ કંઇ નથી. મુખ્યતાએ આશ્રવદ્વાર તથા સંવરદ્વારનું સ્પષ્ટિકરણ છે.×

## શ્રીવિપાકસૂત્ર.

### (શ્રુતસ્કં. ૨. અ. ૨૦ )×

૧–૧ થી ૧૦ પૂર્વે કરેલ પાપના ફળો ભોગવતા મનુષ્યોના દૃષ્ટાંતો જે ગણધર ગૌતમસ્વામીને દૃષ્ટિપથમાં આવે છે.

૨–૧ થી ૧૦ પુણ્ય ફળના દૃષ્ટાંતો.

૨–૧–૩૩ સુબાહુકુમારનું ચરિત્ર. ભગવાન મહાવીરસ્વામી પાસે દિક્ષા વિગેરે.

### સ મા પ્ત.

---

×સાહિત્ય દૃષ્ટિએ આવશ્યક.

હિંસાનામમાલા ૧-૨, મૃષાનામમાલા ૨–૬.

નગરનામાવલી ૧–૩, ૨–૭, ૪ ૧૫, ૯–૨૯,

પશુપક્ષી ૧–૩, ૨–૭, શરીર અવયવો ૧–૩, ૧–૪, ૪–૧૫,

ઘરગથ્થુ ચીજો ૧–૩, ૬–૨૬, ૯–૨૭, યોનિભેદો ૪–૧૬,

પ્રાણીવર્ગ ૧–૪, વાદ્યાદિ ૯–૨૯, રાગો ૧–૪,

મ્લેચ્છ ૧–૪, દેવ ૪–૧૫, ૫–૧૯, ચક્રવર્તી વિગેરે ૪–૧૫,

નાસ્તિકવાદ, અંડકવાદ ૨–૭, શ્રેષ્ઠી વિગેરે ૫–૧૯,

વ્યાકરણ પદ્ય–ઉપમા ૬-૨૪, ૯-૨૭, કળા ૫-૧૯,

રત્ન ૫–૧૭, ૯–૨૭, ચૈત્ય ૫–૧૯,

સાધુ ઉપકરણ ૬–૨૩ ૬–૨૭

સીતા, દ્રૌપદી, રૂપિણી, પદ્માવતી, તારા, કંચના, રક્તસુભદ્રા, સ્વર્ણગુટિકા, કિન્નરી, સુરૂપા, વિદ્યુ‌મતી ૪–૧૬.

×સાહિત્યોપયોગી વસ્તુઓ આ પ્રમાણે છે. સૂત્રો—

રોગ, ૧૮ કોઢ, રોગપરિચર્યા, શસ્ત્રાસ્ત્રો ૫, ૨૬, ૨૮,

શરીરરચના ૫, ૧૦, લગ્નવિધિ ૩૧,

અઢાર દેશભાષા કળા ૮, ચોરવધક્રિયા ૧૬,

પશુ-પક્ષી ૧૭, ૧૮, ૨૮, ૨૯, સગાઇ ૧૬, ચોરી ૨૬

તેતલી–મેઘકુમાર–જમાલીની સાક્ષીઓ ૩૨, ૩૩.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વ્યક્તિત્વ પ્રાપ્ત કરવા માટે સંપૂર્ણ યોગ્યતાની જરૂર.

જે કામ કરવા યોગ્ય છે તે હંમેશા યોગ્ય રૂપથી કરવામાં આવે તો તે યોગ્ય છે એમ સદા દૃઢ મનુષ્યના પંથ–" પ્રદર્શક નીતિવાકય છે. " વ્યકિતત્વયુકત મનુષ્ય પોતાની પ્રતિજ્ઞા પોતાની સારી તાકાતથી તેમજ પોતાના પ્રત્યેક કર્તવ્યો ને પ્રમાણિકપણાથી પુરી કરે છે, પોતાના કાર્યોનાં નાના નાના અંશોને પણ પૂર્ણ રીતે કરવાનો તેમનો ઉદ્દેશ હોય છે.

એક દુર્બળ મનુષ્ય સાધારણ કાર્યથી સંતુષ્ટ થાય છે અને તે રીતે તેનું કામ ચાલે છે; પરંતુ તેવા સ્વભાવવાળો મનુષ્ય તેથી અધિક કાર્ય કરી શકતો નથી અને તેના પોતાના વિચારમાં પોતાને મહેનતાણું મળી ગયેલ માની સંતોષ પકડે છે. પોતે મહેનત યા મજુરી–પરિશ્રમ જે કર્યો છે તેના બદલામાં મહેનતાણું મને મળી ગયેલ છે તેજ બસ છે, એવું કથન સદા અયોગ્ય, સુસ્ત અને સાચા કાર્ય નહિ કરવાવાળાનું હોય છે. કહેવાની મતલબ એ છે કે એવો આદમી કોઇ દિવસ કોઈ મહત્ત્વપૂર્ણ પદને પ્રાપ્ત કરી શકતો નથી. ઉચ્ચાદર્શોવાળો એક દૃઢ મનુષ્ય હંમેશા એક ખરા મનુષ્ય સમાન કામ કરે છે, અને તે અમુક હદથી સંતોષ માની બેસી રહેતો નથી પરંતુ વિશેષ વિશેષ આગળ ઉત્સાહપૂર્વક કરતાં પોતાના આદર્શો સિદ્ધ કરે છે જેથી તેવો પુરૂષ જ આત્મ કલ્યાણ સાધી શકે છે.

કોઇ ખરો કલાકાર મનુષ્ય પણ પોતાની કલા બતાવવાનું કાર્ય પૈસાથી તેનું માપ કરી પોતાની કળાની ઓછી કિંમત કરતો નથી. તેમ તેવો પણ વિચાર કરતો નથી કે મને આટલા પૈસા મળે છે તેટલા માટે મારે સારૂં કામ કરી આપવું તે તો તેની કદર કરાવવા, પરીક્ષા કરાવવા જ તત્પર હોય છે.

તેવા મનુષ્યને પોતાની ઉન્નતિ માટે કોઇ સ્કીમ–યોજના તૈયાર કરવાની જરૂર હોતી નથી, તેમજ પૈસાની વૃદ્ધિ થવા માટે કોઇને કહેવાની આવશ્યકતા હોતી નથી. નિયમ તો એવો છે કે જે મનુષ્ય નિયમસર કામ કરે છે અને યોગ્યતા રાખે છે તેને પૈસા અવશ્ય મળી રહે છે. જેવી રીતભાત- ઢંગથી જે કોઇ કામ કરવામાં આવે છે તેનાથી તે કામ કરવાવાળા મનુષ્યનું ચારિત્ર જણાય છે. પછી ગમે તે કાર્ય ગમે તેવું કાં ન હોય. જે મનુષ્યને વ્યકિત્વ પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તેણે કોઇ પણ વખત કોઇ કાર્ય અપૂર્ણ અથવા રદ ન કરવું જોઇએ. તેમનું લક્ષ તો દરેક કાર્યના દરેક ભાગને પૂર્ણ સ્વરૂપે કરવાનું હોવું જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે મનુષ્ય પોતાના માલીક યા શેઠની હાજરીમાં બરોબર રીતે કાર્ય કરતો હોય પરંતુ શેઠની પીઠ પાછળ (તેની ગેરહાજરીમાં) પ્રમાદ–આળસથી કાર્યને મામુલી કરવાનો આરંભ કરે છે તે મનુષ્ય કોઇ શકિત પ્રાપ્ત કરી શકતો નથી. તેમજ પ્રભુત્વ પણ પ્રાપ્ત કરી શકતો નથી. આવો મનુષ્ય પોતાના આ પ્રકારના વ્યવહારથી પોતાના માટે એક એવી અવસ્થા ઉત્પન્ન કરે છે કે પોતાના ભવિષ્ય પર જરા પણ વિચાર કરતા ભયભીત કરી દેશે.

વર્તમાનમાં દરેક મનુષ્ય પોતાના પૂર્વકર્મોના ફળ ભોગવી રહેલ છે. જો મનુષ્ય પોતાની વર્તમાન અવસ્થા માટે સંતુષ્ટ નથી તેમજ જો તેને પોતાની વર્તમાન સ્થિતિ પોતાની રૂચિ અનુસાર નથી તો તેનો દોષ તેના ઉપર જ છે; કારણકે દરેક મનુષ્યે પોતે પાછલા કર્મોને લીધે પોતાની વર્તમાન અવસ્થા ઉત્પન્ન કરેલી હોય છે.

ઘણા મનુષ્યો આ વાતનો સ્વીકાર નથી કરતાં, કારણ કે કેટલાકને કર્મ સ્વરૂપનું જ્ઞાન હોતું નથી, કેટલાક મનુષ્યોને કંઇ જાણવામાં આવ્યું હોય છતાં સાંસારિક અનેક બાબતોની દોડધામમાં મશગુલ હોવાથી પણ તે વસ્તુસ્વરૂપ માટે બેદરકાર હોય છે. પ્રાકૃતિક નિયમ અટલરૂપે પોતાનું કામ કર્યે જાય છે. જેમ લીંબોલીનો વાવનાર તેનું ફળ તે જ પામે છે પરંતુ આમ્રફળ ઉત્પન્ન કરી શકતો નથી તેમ દરેક મનુષ્ય પોતાના જીવનમાં પૂર્વકાળમાં કરેલા વિચારો અને કર્મોના જે બીજો ઉત્પન્ન કર્યા હોય તે અનુસાર ફળ પામે છે.

જેમ કોઇ ખેડુત ઉચિત રીતથી પરિશ્રમ કરી પોતાના ખેતરમાંથી હાનિકારક ઘાસ, કાંટા, કાંકરા કાઢી નાંખી તેને બદલે ઉપયોગી તથા ફલદાયક બી વાવે તો ખેતર ફળદાયક, સુંદર અને સાફ થતાં પરિણામ ફલદાયક કિંમતી બની જાય છે. શું આપણે પોતાને માટે સુંદર અવસ્થા પ્રાપ્ત કરવાની ઇચ્છા છે ? શું આપણી આસપાસની પરિસ્થિતિઓને પ્રથમથી અધિક રોચક તથા સુંદર દેખવા ઇચ્છીએ છીએ ? શું આપણે કોઇ ઉચ્ચપદ પ્રાપ્ત કરવાની ઇચ્છા છે કે જેથી કરી આપણું જીવન ઉચ્ચ તથા વિશાળ બની જાય ? જો તે વાતો ઇચ્છીએ છીએ તો તેના માટે કામ કરવું જોઇએ અને પોતે પોતાને તે હાલતને યોગ્ય બનાવવા માટે શરૂઆત કરી દેવી જોઇએ. આપણે આપણા જીવનને એટલું વાસ્તવિક, એટલું પૂર્ણ, એટલું પરિશ્રમી અને એટલું પ્રમાણિક બનાવવું જોઇએ કે જેનાથી આપણું ભવિષ્ય, જો કે વર્તમાનમાં બની રહ્યું છે, કાર્ય અને કારણના સંબંધસૂચક નિયમ અનુસાર આપણા માટે તે સર્વ વસ્તુઓ ખેંચી લાવે કે જેની આપણે ઇચ્છા કરીએ છીએ. સાચું અને પૂર્ણ કામ કરવું તે યોગ્યતાની છાપ છે, યોગ્યતા વ્યક્તિત્વની છાપ–ચિહ્ન છે. અનુવાદક–**ગાંધી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સાચી એષણા.

મનુષ્યની અસ્ખલિત પ્રવૃત્તિનું લક્ષ્ય કઇ ભાવનાની સિદ્ધિ અર્થે હશે? સુખ, આનંદ, તૃપ્તિ, શાંતિ. રસ, પર્યાપ્તિ માટે; પણ તે સુખ શામાં છે? આનંદ ક્યાં છે? અમે કહીએ છીએ કે મનુષ્ય જે જે સ્થળમાં આનંદ માને છે ત્યાં ત્યાં આનંદના સ્થાનને લઇને અથવા વસ્તુને લઇને નથી માનતો, પણ પોતાપણાને–જાતને લઇને માને છે; પુત્ર ઉપર જે નિરવધિ સ્નેહભાવ અનુભવાય છે તેનું નિદાન તો સ્ત્રી--પુત્રાદિના શરીર હોતાં નથી પરંતુ તે તે વ્યકિતસાધ્ય આપણી પોતાની તૃપ્તિ છે; સ્ત્રી--પુત્રાદિના વિયોગથી જે કષ્ટ થાય છે તે શોક, તેમની અવિદ્યમાનતામાંથી પ્રકટેલો હોતો નથી પણ આપણી તૃપ્તિની ભાવનાને પહોંચેલા આઘાતથી થાય છે; જે રસ તેમના તરફથી આપણને મળતો હતો તે સુકાઇ જાય છે; જે સુખ તેમના સહવાસમાંથી આવે છે તે તેમના ઉદ્દેશથી નથી પણ આપણા જ ઉદ્દેશથી છે. તે જ પ્રકારે પદાર્થમાત્રમાં જે રસ અનુભવાય છે તે આપણી પોતાની તૃપ્તિ માટે છે; તે તે પદાર્થને અર્થે નહિં. આનંદનું સ્થાન આપણે છીએ; તૃપ્તિનું નિદાન પણ આપણે જ છીએ; વ્યકિત અથવા પદાર્થ નથી. આનંદ–રસ--સુખ જે કહો તે સર્વનું સ્થાન પોતે જ છીએ. મનુષ્ય જ્યારે જ્યારે તે ભાવનાઓને સિદ્ધ કરવા પાછળ પાછળ દોડતો હોય ત્યારે ત્યારે તે પોતાની જ પાછળ દોડતો હોય છે; સુખ પોતામાં છે અને તેની શોધ તે પોતાના સ્વરૂપની જ શોધ છે; પછી ભલે તે સુખ બાહ્ય પદાર્થ કે કોઇ વ્યક્તિ વિશેષમાં સમજાતું હોય, તો પણ તેથી તે સુખનું સાચું સ્થાન બદલાઈ જતું નથી. રસ અને તૃપ્તિ મેળવવા મનુષ્યે એવા પદાર્થ વિશેષને મેળવવો જોઇએ કે જે મેળવ્યા પછી તેને અધિકની ઇચ્છા રહે નહિં. પૂર્ણપર્યાપ્તિ જ અનુભવાય. આવી સ્થિતિ પ્રાપ્ત કરવા પ્રાણી માત્રની પ્રવૃતિ હોય છે. તે રસમય અંકોડો શોધવા માટે આપણ સર્વનું પ્રયાણ છે. અમે અને તમે એની જ શોધમાં છીએ અને તે ભાવનામય તત્ત્વને પકડવા મથીએ છીએ, પરંતુ જ્યાં તે પકડાવાની અણી ઉપર આવે છે ત્યાં તરત જ તે છટકી જાય છે, અને છેટેનું છેટે આપણને લલચાવતું જ રહે છે. આપણે તેની પાછળ પાછળ ભટકીએ છીએ અને માનીએ છીએ કે અમુક પદાર્થને મેળવ્યા પછી આપણે પર્યાપ્તિ અનુભવીશું; પરંતુ તે મળતાં જ પાછો ખેદ ખરો થાય છે, એ તૃપ્તિ વધારે વાર ટકી શકતી નથી; મનુષ્ય શ્વાસભર દોડ્યાં જ જાય છે, તેનું કાંડુ પકડીને પૂછીએ છીએ ત્યારે તે જવાબ આપે છે કે હું સુખને શોધું છું અને હવે તે આ ઘડીએ હાથમાં આવી જાય તેમ છે. ઘડી પછી પૂછો કે કેમ ભાઇ! સુખ જડયું? ઉત્તર મળશે કે–"હવે ઝાઝી વાર નથી. આટલી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન—આચાર.

(ગતાંક પૃષ્ઠ ૬૮ થી શરૂ.)

હવે તપનો મહિમા અહિં યત્કિંચિત કહીશું. સર્વ કર્મપ્રકૃત્તિઓને પરિણામના વશથી ઉપક્રમ લાગે છે, માત્ર નિકાચિત કર્મને ઉપક્રમ લાગતો નથી, પરંતુ તપવડે નિકાચિતને પણ ઉપક્રમણ લાગે છે. આ કારણ માટે રાત્રિસંબંધી પ્રતિક્રમણમાં છમાસિક તપથી શરૂ કરીને નવકારશી પર્યંત તપની વિચારણા કરવા માટે કાયોત્સર્ગ કરવામાં આવે છે. તપ એ સર્વ ઇંદ્રિયો રૂપી હરણોને વશ કરવામાં ભારે જાળ સમાન છે, કષાયરૂપ તાપને શાંત કરવા દ્રાક્ષ તુલ્ય છે, તેમજ કર્મરૂપી અજીર્ણ રોગને ટાળવા હરડે સમાન છે.

જે કંઇ દૂર હોય, જે દુઃખે કરી આરાધી શકાય તેવું હોય અને જે દેવતાઓને પણ દુર્લભ હોય તે સર્વવડે સાધી શકાય છે. તપ એવી અજબ ચીજ છે કે તેનું ઉલ્લંઘન કરી શકે તેવું કોઇ નથી. એટલે કે તપનો પ્રભાવ અલૌકિક અને અચિંત્ય છે.

ઉપર પ્રમાણે ચિંતવી ધર્મવિધિ કરી જે સારી બુદ્ધિવાળો પુરૂષ બજારમાં જાય, અને દ્રવ્ય ઉપાર્જન થાય તેવો પોતપોતાને ઉચિત વ્યવસાય વેપાર કરે.

મિત્રોના ઉપકાર માટે અને સ્વબંધુઓના ઉદય માટે, કુટુંબના પોષણ માટે અને પોતાના સૂકૃત માટે જ ઉત્તમ પુરૂષો પૈસો મેળવે છે પરંતુ પોતાના ઉદરનું પોષણ તો કોણ નથી કરતું?

વેપારમાં ચલાવાતી આજીવિકા ઉત્તમ, ખેતીથી મધ્યમ, પારકી નોકરી—સેવા કરી ચલાવવામાં આવતી તે જઘન્ય અને ભિક્ષાથી આજીવિકા ચલાવવામાં આવે તે અધમાધમ છે.

ઉપરના હેતુથી કદાપિ નીચ વેપાર કરવો નહિ—કરાવવો પણ નહિ, કારણ કે પુણ્યવડે પ્રાપ્ત થનારી લક્ષ્મી પાપથી કોઇ વખત વધતી નથી. ઘણા આરંભવાળા મહાપાપવાળા, લોકોમાં નિંદનીય અને આ લોક તથા પરલોક વિરૂદ્ધ હોય એવા કાર્ય પાપભીરૂ આચરે જ નહિં.

---

વાત સિદ્ધ થવા દો અને પછી અધિકની મને અપેક્ષા નથી.” પણ તે ભૂતનો ભડકો મનુષ્યના પંજાથી એક તસુ દૂરનો દૂર જ રહે છે. પોતાના જ પ્રતિબિંબને ગ્રહીને મનુષ્ય સુખી થાય છે; અને જ્યારે તે ગ્રહાય છે ત્યારે તેની અધિકની અપેક્ષા નિવૃત્ત થાય છે. એ સુખનું ઉત્પત્તિસ્થાન હાથ લાગ્યું એટલે પૂર્ણ પર્યાપ્તિ પ્રકટે છે. આંતરદૃષ્ટિથી પોતે પોતાનું પ્રતિબિંબ જોયા પછી પોતે ભૂતકાળમાં કેવો હતો? વર્તમાનમાં કેવો છે? તેનું ભાન થાય છે અને તે ઉપર ભવિષ્યકાળની તૈયારી કરે છે. આ રીતે સ્વરૂપનું પ્રતિબિંબ ઝીલતાં સ્વરૂપના લાભની પ્રાપ્તિ અવશ્ય થાય છે.

(સંગૃહીત..)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્વીકાર-સમાલોચના.

નીચેના ગ્રંથો તથા રીપોર્ટ અમોને સમાલોચના માટે ભેટ મળ્યાં છે તે ઉપકારસહ સ્વીકારવામાં આવે છે.

૧ **શ્રી જિનગુણ કુસુમાંજલિ**-મુનિરાજ શ્રી કલ્યાણવિજયજીવિરચિત આ સંસ્કૃત જૈનસ્તોત્રનો સંગ્રહ છે કે જે ભક્તિરસિક મનુષ્યો માટે પઠન કરવા યોગ્ય છે. મુનિરાજ શ્રી કલ્યાણવિજયજી મહારાજ જૈન ઇતિહાસના પ્રખર વિદ્વાન અને સંશોધક છે, અને સંસ્કૃતના પણ તેઓ સાહેબ સારા અભ્યાસી છે તે આ બુકના વાચકને તરત ખાત્રી થાય તેવું છે. પ્રકટકર્તા-તપ્તગઢના સંઘની સહાયથી શ્રી ક. વિ. શાસ્ત્રસંગ્રહસમિતિ જાલોર-મારવાડ. મુલ્ય ભેટ.

૨ **ગૃહસ્થ જીવન**—લેખક-પ્રકાશક માવજી દામજી શાહ. અગીયાર મુદ્દાઓના એક સંસ્કૃત શ્લોક ઉપરથી ગૃહસ્થ જીવનને લગતા વિષય ઉપર આ બુકમાં ટુંક વિવેચન કરેલું છે કે જે આનંદ આપે તેવું ઘર, સ્ત્રીવાળું ઘર, બુદ્ધિશાળી સંતતિ, સન્મિત્ર, આજ્ઞાકારી સેવક વગેરે વિષયો આપેલા છે જે ગૃહસ્થ જીવનમાં-વ્યવહારમાં ઉપયોગી છે. બધું છતાં બુક મનન કરવા જેવી છે. કિંમત ત્રણ આના. પ્રકાશકને ત્યાં મુંબઇ ઘાટકોપર.

૨ ૩ **પ્રશ્નપેટી, ગણિતગમ્મત**-સંપાદક રમણલાલ નાનાલાલ શાહ. પ્રકાશક ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય અમદાવાદ. ગુર્જરબાળ ગ્રંથાવળીના દશ અને અગીઆરમા પુસ્તક તરીકે પ્રકાશકે પ્રગટ કરેલ છે. હાલ બાળસાહિત્ય વિશેષ પ્રમાણમાં પ્રકટ થાય છે કે જે આવશ્યક છે, પરંતુ તેમાં પણ પ્રકાશકનો આ પ્રયત્ન એટલા માટે આવકારદાયક છે કે આ બંને લઘુ બુકો બાળકોને વાંચવામાં, પઠન પાઠન કરવામાં આવે તો મગજ ખીલે, અને ગમ્મત સાથે વાંચનજ્ઞાન વધે તે રીતે લખાયેલ છે. સાથે કાગળ ટાઇપ વગેરે સુંદર અને બાઇડીંગ આકર્ષક બનેલ હોવાથી બાળકો હોંશે હોંશે વાંચવા તરફ પ્રેરાય છે. કિંમત દરેકની ત્રણ આના યોગ્ય છે. મળવાનું સ્થળ-અમદાવાદ ગાંધી રોડ પ્રકાશકને ત્યાં.

---

ગમે તેટલા દ્રવ્યની પ્રાપ્તિ થતી હોય છતાં પણ લુહાર, મોચી ચમાર, દારૂ બનાવનાર, ઘાંચી અને વિશેષે કરીને વાઘરી, મચ્છીમાર વગેરે સાથે વ્યવસાય કે વેપાર પણ કરવો નહિં અને ન્યાયથી દ્રવ્ય ઉપાર્જન કરવું.

એવી રીતે પ્રથમ પ્રહર સંબંધી સમગ્ર કર્તવ્ય આચરતો, વિશુદ્ધ હૃદયવાળો, ન્યાય -નીતિથી સુંદર દેખાતો, વિજ્ઞાન, માન, પ્રતિષ્ઠા તથા જનપ્રિયતા મેળવવામાં સદા સાવધાન એવો શ્રાવક પોતાના આભવ અને પરભવ સફળ કરે.

હવે શ્રાવકને બીજા પહોરે કરવા યોગ્ય કરણી કઇ કઇ છે તે હવે પછી. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારૂં સાહિત્ય પ્રકાશન ખાતું.

## મૂળ પ્રાકૃત-સંસ્કૃત.

| | | |
|---|---|---|
| શ્રી વસુદેવહિંડિ ભાગ. ૧ લો પ્રથમ અંશ .... | .... .... | ૩-૮-૦ |
| ,, ,, દ્વિતીય અંશ.... | .... .... | ૩-૮-૦ |
| શ્રી બૃહત્કલ્પ પ્રથમ ભાગ. | .... .... .... | તૈયાર થવા આવેલ છે. |
| ચાર કર્મગ્રંથ સ્વોપજ્ઞ ટીકા સહિત..... | .... ... | ,, |

## ગુજરાતી ભાષાના ગ્રંથો.

| | | |
|---|---|---|
| શ્રી પ્રભાવકચરિત્ર. ( જૈન ઐતિહાસિક ગ્રંથ. ) | .... ... | ૨-૮-૦ |
| શ્રી પેથડકુમાર ચરિત્ર. ( ,, ) | .... .... .... | ૧-૦-૦ |
| શ્રી ધર્મ પરીક્ષા. | .... .... .... .... .... | ૧-૦-૦ |
| શ્રી સુરસુંદરી ચરિત્ર. | .... .... .... .... .... | છપાય છે. |
| શ્રી મહાવીરચરિત્ર. | .... .... .... .... .... | ,, |
| શ્રી શ્રીપાળરાજાનો રાસ..... | .... .... .... .... | ,, |

## " તપોરત્ન મહોદધિ-ભાગ ૧-૨ "

આત્માને મોક્ષ મેળવવાનું-કર્મનિર્જરા કરવાનું મુખ્ય સાધન જો કોઈ હોય તો તપ મુખ્ય પદ છે. તેથીજ અત્યારસુધીના પ્રચલિત ( કરવામાં આવતા ) અને અપ્રચલિત ( નહી જાણવામાં આવેલ તેવા ) જુદી જુદી જાતના ૧૬૧ તપ શાસ્ત્રાધારે તેની વિધિ વિધાન સહિત આ ગ્રંથમાં આપવામાં આવેલ છે, સાથે કયો તપ કયા ગ્રંથ અથવા આગમ વગેરેમાં છે તેની હકીકત પણ આપવામાં આવેલ છે. તપસ્યા કરનાર મનુષ્યને તેનું, તેના ફળનું, તેના વિધિવિધાનનું જ્ઞાન ન હોય તો તે જોઇયે તેવું ફળ મેળવી શકતો નથી, તેથીજ આ ગ્રંથમાં તે તમામ હકીકત સવિસ્તાર આપવામાં આવેલ છે કેટલાક તપોનાં નામ વગેરે પણ જાણવામાં નહીં આવેલા હોય તે તમામ જીજ્ઞાસુ મોક્ષના અભિલાષીઓ માટે ઐહિક-પરમાર્થિક સુખની ઇચ્છાવાળાઓ માટે આ એક અપૂર્વ ગ્રંથ છે. સર્વ લાભ લઇ શકે તેટલા માટે શાસ્ત્રી ટાઈપમાં ગુજરાતી ભાષામાં છપાવેલ છે. ઘણા ઉંચા કાગળો ઉપર સુંદર ટાઇપથી છપાવવામાં આવેલ છે, મંગાવવાથી ખાત્રી થશે. માત્ર તપના જીજ્ઞાસુઓને લાભ આપવા માટે ઘણો મોટો ગ્રંથ હોવા છતાં કિંમતબહોળો ફેલાવો થવા માત્ર એક જ રૂપીઓ ( પોસ્ટેજ ચાર આના રાખેલ છે. )

શ્રી જૈન આત્માનંદ સભા.
ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

# શ્રી આત્માનંદ પ્રકાશ.

દર માસની પૂર્ણિમાએ પ્રગટ થતું માસિક પત્ર.

પુ. ૩૧ મું. વીર સં. ૨૪૬૦. કાર્તિક. આત્મ સં. ૩૮. અંક ૪ થો.

## એક અવિચલ લક્ષ્ય.

જે માણસ પોતાની શક્તિઓને વેડફી નાંખે છે અને કોઇપણ અમુક જ કાર્ય કરવાનો દૃઢ નિશ્ચય કરી શકતો નથી તેના કરતાં તેનાથી દશમા ભાગની જ બુદ્ધિ ધરાવનાર પરંતુ એક જ ચોક્કસ કાર્ય કરવાના દૃઢ નિશ્ચયવાળો માણસ વધુ સફળ બની શકે છે; દુર્બળમાં દુર્બળ પ્રાણી પણ માત્ર એક જ વસ્તુ પર પોતાની શક્તિઓને એકાગ્ર કરવાથી કંઇક કાર્યસિદ્ધિ કરી શકે છે; જ્યારે સમર્થમાં સમર્થ માનવ પ્રાણી પોતાની શક્તિઓને ઘણી બાબતોમાં વેરી નાંખવાથી કાંઇ પણ કાર્ય સિદ્ધ કરવામાં નિષ્ફળ નીવડે છે! પાણીનું એકેક નિર્બળ ટીપું પણ સતત પડ્યા કરીને કઠિનમાં કઠિન ખડકમાં માર્ગ બનાવી દે છે, અને કાર્લાઇલ જણાવે છે તેમ—" ઉતાવળિયું વાવાઝોડું ભયંકર ઘોંઘાટ સહિત તે ખડક પરથી પસાર થવા છતાં પણ પોતાની પાછળ એક પણ ચિહ્ન મૂકી જઇ શકતું નથી ! "

" ભાગ્યના સૃષ્ટાઓમાંથી "

For Private And Personal Use Only